# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૫૫ • તા. ૨૯ માર્ચ થી ૪ એપ્રિલ ૨૦૨૫



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ- ડોંબિવલી દ્વારા

# અનંત ખેલોત્સવ ૨૦૨૫







Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**


નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા


**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# ક્ષમા વીરસ્ય ભૂષણમ

સંસારને અનુભવીઓ એ અસાર કહ્યું છે. જેમાંથી કોઈ સાર ન મળે, કોઈ સુખ કે સાથ ન મળે એવા આ સંસારમાં જીવતા, વ્યવહાર સંભાળતા કે સાથે સાથે રહેતા ક્યારેક મન દુઃખ અણખટ થાય એ સહેજ છે. સંસારનો નિયમ છે કે વિવાદો ન ઈચ્છતા હોઈએ તો પણ ઘણીવાર, ઘણી જગ્યાએ વિવાદો જાગે છે. આ વખતે સમજણથી બહોળી લાગણીથી કામ લેવું જરૂરી છે. સાથે રહેતા, સાથે વસતા વાસણો જેમ ખખડે ભલે પણ તે ભંગાર ન થઈ જવા જોઈએ.

સંસારમાં તેમજ રોજગાર, વ્યાપારમાં ભાગીદારો વચ્ચે, ગ્રાહકો વેપારી વચ્ચે ખટરાગ થાય, બોલાચાલી થાય, મન દુઃખ થાય કે ગેરસમજ થાય. પરંતુ એક જણ આગ બને ત્યારે બીજો પાણી બને એ જરૂરી છે. શાંત થઈ ક્ષમામાંગી લે તો વાત આગળ ન વધે તો અને વિવાદનું શમન થઈ જાય.

ભૂતકાળની વાતો સ્મરણમાં રાખ્યા વગર, અપશબ્દો બોલ્યાવિના, અણગમતી લાગણીઓ પર કાબુ રાખી હૃદયની ઉદારતા ધરાવી સામે વાળી વ્યક્તિના વિચારોનું પરિવર્તન થાય એ જરૂરી છે. તો જ વાદ-વિવાદનું શમન થાય. ડહોળેલું વાતાવરણ શાંત થાય. કોઈને તમાચો ચોડી દેવો સહેલો છે. પણ ઉદાર ભાવથી ક્ષમા માગવી અઘરી છે. વેરની સામે વેર કરવું એ તાકત બતાવવાની મગરૂરી થવાની પ્રક્રિયા છે. તો વેરની સામે ક્ષમા આપી દેવી એ જીગરની વાત, હિંમતની વાત છે.

વેરની સામે વેર કરવાથી તથા સમજણના અભાવથી એકબીજા વચ્ચે મનદુઃખ ઊભા થાય છે. ત્યારે મન મગજ ઠંડુ રાખવાથી વિવાદનું વાતનું વતેસરનું ઝટ શમન થાય છે. આ વેર દુશ્મનાવટની ભાવનાથી જ કોર્ટ કચેરીના ફેરા થાય છે. અને આપણી વાત ખરી છે, કાયદાના આધારમાં સત્ય છે. એ સાબિત કરતા વકીલો લાભ લે છે. બંન્ને પક્ષ શાંતિ અને સમજણ દાખવી સમાધાનને રસ્તે આગળ વધે તો શાંતિ સાથે સુખ અને સંતોષ સહજ મળી રહે છે.

માણસ માત્ર ભૂલને પાત્ર. ભૂલ કોઈનાથી પણ થાય પણ તેની કબૂલાત અને વેરઝેરના વમળમાં અટવાયા વગર તેનું સમાધાન ક્ષમા માંગવાથી થાય તો એને નાનપ ન સમજવું જોઈએ જોઈએ સમા વીરસ્ય ભૂષણમ ક્ષમા આપનાર મહાન છે. ચડિયાતો છે. એ ઈતિહાસ સિદ્ધ હકીકત છે.

– જય જ્ઞાતિમૈયા

# પરિવારની પ્રગતિ સાસુ વહુના સંબંધોમાં

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

હાલમાં તા.૮ માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મુલુંડના ૨૮ વર્ષથી પ્રગટ થતાં અઠવાડિક અખબાર ગુર્જરમાત એ સાસુ સાથે ૨૫ વર્ષ કે તેથી વધુ વર્ષથી રહેતી વહુઓ વિષે આદર્શ વહુ વિશેષાંક અંતર્ગત તેમના વિચારો અનુભવોની માહિતી પ્રકાશિત કરી હતી. જેને બહોળો આવકાર મળ્યો હતો.

આજે આપણે આ વિષે વાત કરવી છે. માતા પિતા હોંશે હોંશે પોતાના પુત્રના વિવાહ કરી ઉમંગપૂર્વક કન્યાને પુત્રવધૂ તરીકે ઘરમાં આવકારે છે, કુમકુમ પગલાં કરી લક્ષ્મી આવ્યાનો હરખ કરે છે. નવદંપતી ગૃહમાં પ્રવેશ કરે છે તે સાથે સંબંધોના નવા સમીકરણો સાથે કેવળ વહુનું નહીં પણ તમામ પરિવારજનોનું જીવન શરૂ થાય છે. આમાં નવ વિવાહિત પતિ-પત્નીઓ ઉપર સગા સંબંધીઓ અને આડોશ પડોશના સૌ લોકોનું તેમાં ખાસ કરીને સાસુ અને વહુના સંબંધો પર બધાનું લક્ષ્ય-ધ્યાન કેન્દ્રિત હોય છે. જ્ઞાનીજનોએ કહ્યું છે કે પુત્રના લક્ષણ પારણામાંને વહુના લક્ષણ બારણામાં. ગૃહપ્રવેશ કરતાં વેંત જ નવી વહુ કઈ રીતે, વર્તે છે કઈ રીતે સંબંધ કેળવે છે તે મહત્વનું હોય છે. ખાસ કરીને વડીલજનો પ્રત્યે આદર માન જાળવાની કેવી વૃતિ દાખવે છે. તે સ્નેહ સમજણ અને સંબંધનો પાયો બને છે.

નવોઢા માટે નવા પરિવારમાં આવવું એક કસોટી હોય છે. વીસ પચ્ચીસ વર્ષ જે માહોલમાં રહી છે તેને ભૂલીને નવા આચાર-વિચાર-સંસ્કાર અને આહારના સ્વાદથી ટેવાવું પડે છે. અનુકુળ થવું પડે છે. સાથે સાથે નવા પરિવારના રીત રિવાજોને આત્મસાત કરવા કેળવવું પડે છે. જો કે આ માટે સમય જોઈએ, ધીરજ જોઈએ. નવી વહુને વડીલોએ મોકળાશ આપવી પડે તેની પ્રત્યે સહિષ્ણુ-શાંત ધીર બની તેની પ્રત્યે ઉદાર રીતે વર્તવું પડે છે.

લોક સાહિત્ય અને સિનેમા, નાટક, પ્રહસનોમાં લડતાં ઝઘડતા અને એકબીજાની પાછળ કાવતરાં કરતી સાસુ-વહુના દાખલા જોવા-જાણવા મળે છે. તો દીકરો કે પતિ જીવિત ન હોય તેમ છતાં એકમેકનો સાથ નિભાવતા. સહારો બનીને જીવતાં મા દીકરીની જેમ રહેતી સાસુ વહુના દાખલાઓ ભલે જૂજ પ્રમાણમાં આપણી આસપાસના જગતમાંથી જ જોવા મળે છે, ક્યારેક એ બાબતે નવાઈ લાગે છે કે સાસુ-વહુના સંબંધોને જ આટલા ગૂંચવણ ભર્યા કેમ ચીતરયા છે. આ છતાં જો શરૂઆતથી જ સાસુ વહુના સંબંધને સરળતા અને સમજણથી જોડવામાં આવે તો પરિવારની ખુશીઓ અકબંધ રહે અને સાસુ-વહુ વચ્ચેનું બંધન સદાબહાર રહે.

સાસુ-વહુ વચ્ચે ઉમરનો ફરક હોય છે જે લગભગ પચીસ વરસથી વધુનો હોય છે તો શિક્ષણ ભણતરનો તફાવત હોય છે. એટલે જનરેશન ગેપ હોવાનું સહેજ છે. સાસુ પચાસ કે સાંઈઠ સીતેરના દાયકામાં જન્મેલી અને સાસરિયામાં સમાઈને રહેવાની સલાહ, સમજણથી માવતરે વળાવી હોય છે. ઝાઝું શિક્ષણ કે પિયરીયા સાથે પત્ર વ્યવહારથી સંપર્કમાં રહેવાના મર્યાદિત માધ્યમ હતા. ઝટ ફોન લગાવીને નાની નાની વાતો માતાને પૂછવાનો જણાવવાનો સવાલ ન હતો. આજે આ સંપર્ક ૩૬૦ ડિગ્રી ફરી ગયું છે. શિક્ષણનો વ્યાપ વધી ગયો છે. સહનશક્તિ સમજણ શક્તિમાં ઘટાડો થયો છે. એટલે અપેક્ષા જો ન સંતોષાય તો ક્લેશના દ્વાર ખૂલ્લાં થાય છે. દરેક સંબંધ જોડાણમાં સમજણ, ધીરજ અને ઉદારતા રાખવી પડે છે તો જ સંબંધ લાંબા ટકે. આ માટેની સમજ સાસુ-વહુ બંન્ને રાખે તો પરિવારની શાંતિ પ્રગતિ નક્કી થઈ રહે છે.

(ક્રમશઃ)


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st Jan - 30th June 2025**

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

STAMP FRANKING
Now Available

HOME LOAN
CAR LOAN
COMMERCIAL VEHICLE LOAN
SOLAR LOAN
GOLD LOAN
LOAN AGAINST PROPERTY
TRADE LOAN
LOAN AGAINST INSURANCE POLICY

*7.49% (p.a.)
*8.49% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
**Toll Free : 1800 221 984**
**Working Hours :** 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT | www.arihantbank.com | @ Arihant Bank

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી ક.દ.ઓ. મંડળ- ડોંબિવલી દ્વારા અનંત ખેલોત્સવ ૨૦૨૫





















શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી દ્વારા અનંત ખેલોત્સવ ૨૦૨૫ રવિવાર, તા. ૯ ફેબ્રુઆરી ૨૦૨૫ ના શિક્ષણ પ્રસારણ મંડળ, મિલાપ નગર, ડોંબિવલી (પૂર્વ)-૪૨૧ ૨૦૩ ખાતે આયોજન કરવામાં આવેલ.

**એક ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ !**

અનંત ખેલોત્સવ ૨૦૨૫ની શરૂઆતમાં નવકાર મંત્ર જાપ સાથે થઈ, જે ઈવેન્ટ માટે એક આધ્યાત્મિક માહોલ તૈયાર કર્યું હતું. ત્યારબાદ દીપ પ્રાગટ્ય સમારોહ, શ્રી મહાકાળી માતાજી હારારોપણ અને ઈવેન્ટનું ઉદ્‌ઘાટન શ્રીફળ વધેરી શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ અને શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી ના માનનીય ટ્રસ્ટીઓ, સભ્યો, આમંત્રિત મહેમાન શ્રી ચિમનભાઈ મેઘજી મોતા (વારાપધર-મુલુંડ) દ્વારા કરવામાં આવ્યું હતું.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી ક.દ.ઓ. મંડળ- ડોંબિવલી દ્વારા અનંત ખેલોત્સવ ૨૦૨૫






















ટ્રોફી પિરામિડનુ ઉદ્દઘાટન સન્માનિય અતિથિઓ દ્વારા કરવામાં આવ્યું હતું, જે ઇવેન્ટના પ્રારંભનું સંકેત આપતું હતું. ત્યારબાદ ભારતીય તિરંગો, મશાલ અને જૈન ધર્મના ધ્વજ સાથે એક વિશાળ માર્ચ કરવામાં આવી, જે દેશભક્તિ ગીતો દ્વારા શોભાઈ હતી. ખેલાડીઓ, આમંત્રિત મહેમાનો અને ટ્રસ્ટીઓએ આ માર્ચમાં ઉત્સાહભેર ભાગ લીધો, જેના કારણે આ આખું વાતાવરણ ઉર્જા, આનંદ ઉત્સાહથી ભરપૂર બન્યું હતું.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી ક.દ.ઓ. મંડળ- ડોંબિવલી દ્વારા અનંત ખેલોત્સવ ૨૦૨૫






















ટીમો અને તેમની ભાગીદારી ટૂર્નામેન્ટમાં વિવિધ શ્રેણીઓમાં ઉત્સાહભરી સ્પર્ધાઓ જોવા મળી.

- પુરૂષો માટે ઓવરઆર્મ ક્રિકેટ – ૮ ટીમો, ૧૧ મેચ. ૪૦ વર્ષથી ઉપર પુરૂષો માટે અંડરઆર્મ ક્રિકેટ – ૪ ટીમો, ૫ મેચ
- મહિલાઓ માટે અંડરઆર્મ ક્રિકેટ – ૬ ટીમો, ૯ મેચ. ઉપરાંત, ૬૦ ખેલાડીઓ.


વિવિધ ઈનડોર ગેમ્સ કેરમ, બેડમિન્ટન, શતરંજ, ટેબલ ટેનિસમાં તેમની કૌશલ્યતા પ્રદર્શિત કરી હતી.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી ક.દ.ઓ. મંડળ- ડોંબિવલી દ્વારા અનંત ખેલોત્સવ ૨૦૨૫











અનંત ખેલોત્સવ ૨૦૨૫ એ ખરેખર રમતગમત અને મિત્રતાનું ઉત્સવ સાબિત થયું, જેમાં ખેલાડીઓ અને રમતપ્રેમીઓની પ્રતિભા, સ્પર્ધાત્મકતા અને એકતાનો આનંદ જોવા મળ્યો.

The Toss with a special Touch

ફાઇનલ મેચોના ટોસ માટે શુધ્ધ ૨૫ ગ્રામ ચાંદીનો સિક્કો ઉપયોગમાં લેવાયો હતો. દરેક ફાઇનલ મેચમાં ટોસ જીતનાર કેપ્ટનને આ સિક્કો સ્મરણિકા રૂપે ભેટ આપવામાં આવ્યો હતો. જેમા એક બાજુ મહાજનનુ નામ લોગો અને બીજી બાજુ મંડળનુ નામ લોગો હતું.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી ક.દ.ઓ. મંડળ- ડોંબિવલી દ્વારા અનંત ખેલોત્સવ ૨૦૨૫














**રોમાંચક મેચો અને અવિસ્મરણીય પ્રદર્શન !**

દરેક મેચ ઊર્જા, ખેલદિલી, મૈત્રીપૂર્ણ અને શાનદાર વ્યક્તિગત પ્રદર્શનથી ભરપૂર હતી. દરેક મેચ માટે પરૂષ શ્રેષ્ઠ ખેલાડી અને મહિલા શ્રેષ્ઠ ખેલાડી જાહેર કરવામાં આવ્યા, જેમણે રમતમાં સર્વશ્રેષ્ઠ પ્રભાવ પાડ્યો.

ઇનડોર રમતો પણ એટલી જ રોમાંચક રહી, જ્યાં ખેલાડીઓએ પોતાનું કૌશલ્ય, એકાગ્રતા અને પ્રતિભા દર્શાવી. ઇનડોર ગેમ્સના વિજેતાઓનું અલગથી લિસ્ટ આપવામાં આવ્યું છે.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી ક.દ.ઓ. મંડળ- ડોંબિવલી દ્વારા અનંત ખેલોત્સવ ૨૦૨૫













**ગ્રાન્ડ ફેલિસીટેશન અને અંતિમ પુરસ્કારો !**

મેન્સ ઓવરઆર્મ, મેન્સ અંડરઆર્મ (૪૦થી ઉપર), અને વુમન્સ અંડરઆર્મ શ્રેણીના શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યા. વિજેતાઓનું લિસ્ટ અલગથી આપવામાં આવ્યું છે.

વિજેતા ટીમના તમામ ખેલાડીઓને ગોલ્ડ મેડલ્સ અને રનર અપ ટીમના ખેલાડીઓને સિલ્વર મેડલ્સ સાથે તેમની ટ્રોફી આપવામાં આવી હતી.

- મેઘ કુમાર નરશી દૌલત ટ્રોફી પણ મેન્સ ઓવરઆર્મ જીતનાર ટીમને મુખ્ય ટ્રોફી સાથે આપવામાં આવી હતી.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી ક.દ.ઓ. મંડળ- ડોંબિવલી દ્વારા અનંત ખેલોત્સવ ૨૦૨૫













**હૃદયપૂર્વકનો આભાર.**

પ્રસંગના અંતે, વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો: વિશેષ આભાર શ્રી મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી નયન અશોક ભેદા, શ્રી કુમાર બાબુભાઈ દંડ, શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા, શ્રી ચેતન મેઘજી મોતા, શ્રીમતી રાજુલબેન ભદ્રેશ પટેલ, શ્રી રાજેશ રાયચંદ છેડા અને સમગ્ર મુંબઈ મહાજન ટીમ અને શ્રી અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો, જેઓએ શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી અને અનંત ખેલોત્સવ ૨૦૨૫ સ્પોર્ટ્સ કમિટીમાં વિશ્વાસ મૂકીને અમને આ ભવ્ય ઇવેન્ટ આયોજિત કરવાની તક આપી.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી ક.દ.ઓ. મંડળ- ડોંબિવલી દ્વારા અનંત ખેલોત્સવ ૨૦૨૫



















વિશેષ આભાર મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્ર મેઘજી મોતા, શ્રી ચેતન લહેરચંદ નાગડા, શ્રી અનૂજ ગિરિશ લોડાયા, શ્રી ધવલ ઉમેશ ખોના, શ્રી ભાવેશ રતિલાલ મોતા, શ્રી અમીત જેઠાલાલ ખોના અને સમગ્ર મંડળ ટીમનો, જેમણે આ કાર્યક્રમને સમયસર સફળ બનાવવામાં મદદ કરી.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી ક.દ.ઓ. મંડળ- ડોંબિવલી દ્વારા અનંત ખેલોત્સવ ૨૦૨૫














**આયોજક સમિતિ અનંત ખેલોત્સવ ૨૦૨૫**

**સ્પોર્ટ્સ કમિટી :** શ્રી ધવલ હિરાચંદ પોલડીયા (ડુમરા), શ્રી ધીરેન વાલજી સોની (વાંકુ), શ્રી પરેશ મોતીચંદ ખોના (નલીયા), શ્રી અમિત જેઠાલાલ ખોના (નલીયા), શ્રી રાકેશ અભય મૈશેરી (મોટી સિંધોડી) જેમણે આ ઈવેન્ટને દુનિયાભરમાં ભવ્યાતિભવ્ય બનાવવામાં મહેનત કરી.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી ક.દ.ઓ. મંડળ- ડોંબિવલી દ્વારા અનંત ખેલોત્સવ ૨૦૨૫















**મેચ અધિકારીઓ અને અમ્પાયરો :** ન્યાયસંગત રમત અને મેળાવડાનું સમતુલન જાળવવા માટે પ્રમાણિક હતા.

સેવકો અને સહાયક સ્ટાફ: જેમણે પરિશ્રમ કરી ઇવેન્ટની સફળતા સુનિશ્ચિત કરી.

**ખેલાડીઓ અને ટીમો :** જેમણે ઉત્કૃષ્ટ પ્રદર્શન અને રમતગમતની ભાવના દેખાડી.

**પ્રેક્ષકો અને સમર્થકો :** જેમણે ઉત્સાહ અને ઉર્જા લાવી, ઇવેન્ટને વધુ યાદગાર બનાવી.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી ક.દ.ઓ. મંડળ- ડોંબિવલી દ્વારા અનંત ખેલોત્સવ ૨૦૨૫



















**સ્પેશિયલ આભાર :** શ્રીમતી અર્ચનાબેન અમિત ખોના, શ્રી તીર્થ અમિત ખોના, કુ. કરિશ્મા ચેતન નાગડા સહ શ્રી નમન મહેન્દ્ર મોતા જેઓએ નિયમો, ડ્રાફ્ટિંગ, મલ્ટીમીડિયા જાહેરાત ક્ષેત્રે અને દરેક કાર્ય માટે જોરદાર મહેનત કરી આખી ઇવેન્ટમાં રંગ લાવીને જ્ઞાતિનું નામ રોશન કર્યું. શ્રી હેમંત મણિલાલ લોડાયાએ સુંદર કોમેન્ટ્રી આપી હતી. જેમાં તેમની ભાષાનો સોફ્ટ અને સમજદારીથી ભરપુર ઉપયોગ શ્રોતાઓને રોમાંચ અનુભવ કરાવ્યો હતો.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી ક.દ.ઓ. મંડળ- ડોંબિવલી દ્વારા અનંત ખેલોત્સવ ૨૦૨૫















એ સિવાય નામી-અનામી ને પ્રત્યક્ષ કે પરોક્ષ દરેક નો ખૂબ ખૂબ આભાર...

આ વિસ્મયકારી પ્રસંગ સારા સ્મરણો, રોમાંચક પ્રદર્શન અને ફરી પાછા મળવાના વચન સાથે પૂર્ણ થયો.

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી વ્યવસ્થાપક સમિતિ વતી

તંત્રી : શ્રી ચેતન લહેરચંદ નાગડા (નલીયા)

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સહ શ્રી ક.દ.ઓ. મંડળ- ડોંબિવલી દ્વારા અનંત ખેલોત્સવ ૨૦૨૫












# સંજીવની કેસ નં.૧૭૭ માટે જરૂરી રકમ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ પૂરું કરાયું

Samast Mahajan, Sanjivani Initiative

**CASE No.: 177**

**DONATION CLOSED**

**Mrs HANSA RAMESH LODAYA**

**Age 64 yrs, Tera, Burhanpur**

**She is suffering from Severe Bilateral Osteoarthritis of knees. Needs to undergo Left Total Knee Replacement Surgery.**



**DONATION CLOSED**

**Rs 1.54 LAKH**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda   **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW   **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**


તેરા-બુરાહનપુરના ૬૪ વર્ષીય શ્રીમતી હંસાબેન રમેશ લોડાયા બંન્ને ઘૂંટણમાં તીવ્ર દર્દની પીડાથી ગ્રસ્ત હતા. ડૉક્ટરો દ્વારા તેમને ડાબા પગના ઘૂંટણની સર્જરી કરવાની સલાહ આપવામાં આવી હતી. જેને માટે અંદાજિત રૂા.૧.૫૪ લાખનો ખર્ચ હોવાનું જણાવ્યું હતું.

તેઓ નિવૃત્ત પતિ અને પુત્રી સાથે રહે છે. તેમના પતિ અગાઉ પરલી ખાતે શ્રીમદ રાજચંદ્ર અગમતત્વ સંશોધન કેન્દ્રમાં કાર્યરત હતા. પરિવારની કોઈ બચત ન હતી કે ન કોઈ વીમાનું સંરક્ષણ કવચ, તેમાં વળી ઘૂંટણ સર્જરીના ખર્ચના આકરો બોજો આવી પડ્યો. વિકટ પરિસ્થિતિમાં આવી પડેલા લોડાયા પરિવારે પોતાની કપરી પરિસ્થિતિમાંથી હેમખેમ બચાવ થાય એ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત અરજી કરી. જેથી અરજી કેસ નં.૧૭૭ને ક્રાઉડ ફંડિગ માટે મૂકાયો.

જણાવતા ખુશી થાય છે કે ક્રાઉડ ફંડિગ શરૂ થવાના ગણત્રીના કલાકોમાં જરૂરી ભંડોળ રૂા.૧.૫૪ જમા થઈ જતા તાત્કાલિક ક્રાઉડ ફંડિગ થંભાવી દેવાયું છે.

આજ સુધીના ૧૭૬ વિવિધ પ્રકારની અરજીઓને ઉદારદિલ વ્યક્તિગત દાતાઓ મહાજન, એકમ, ટ્રસ્ટ, મંડળ એ માનવતાલક્ષી લાગણી દર્શાવી એવી ઉદારતા સદર અરજી કેસ નં.૧૭૭ માટે દર્શાવી છે. જે માટે સૌની અનુમોદના અને સહર્ષ આભારવંદના.

# સંજીવની કેસ નં.૧૭૮ માટે જરૂરી ભંડોળ રૂા.૫૫ હજાર નામ માત્ર સમયમાં ક્રાઉડ ફંડિગ દ્વારા જમા થઈ ગયાં




અકોલા-મંજલ રેલડિયાના ૭૫ વર્ષીય નિર્મલાબેન રાયચંદ જૈન-દંડ કિડનીની તીવ્ર રોગથી પીડિત હતા. ક્રિએટિનાઈન ૭ મિલિગ્રામ ડીએલ સુધી વધી ગયું હતું. ગંભીર ડિહાઈડ્રેશન સાથે ઉગ્ર ગેસ્ટ્રોએન્ટિરિટિસથી પીડાતા હોવાથી તાત્કાલિક ઈલાજ માટે હોસ્પિટલ લાઈઝેશન કરવા પડ્યા હતાં. ટાઈપ-૨ ડાયાબિટિસ મેલીટનો કેસ હોવાનું ડૉક્ટરોએ નિદાન કર્યું.

તેઓ વિધવા છે અને પુત્રી સાથે રહે છે. અગાઉ માતા અને પુત્રી બંન્ને ઘરેથી ગૃહઉદ્યોગનો નાનકડો વ્યવસાય ચલાવતા હતા. તેઓ છેલ્લાં પાંચ છ વર્ષથી કોઈ કામ કરતા નથી. પુત્રીને છેલ્લા છ વર્ષથી સ્તન કેન્સર હોવાનું નિદાન કરાયું છે. તેઓ મુશ્કેલી ભરી રીતે જીવન ગુજારો કરી રહ્યાં છે. તેઓની નથી કોઈ બચત કે નથી કોઈ વીમાનું સંરક્ષણ. આવી દુવિધા ભરી પરિસ્થિતિમાં સપડાયેલા નિર્મલાબેન દંડ સમસ્ત મહાજન મેડિકલ સમિતિની સંજીવની યોજના હેઠળ ડૉક્ટરો દ્વારા અપાયેલ અંદાજિત સારવાર રકમ રૂા.૫૫ હજારની મદદ માટે અરજી મૂકી.

જેનો અભ્યાસ કરી સદર કેસ ક્રાઉડ ફંડિગ માટે મેડિકલ સમિતિ દ્વારા ઓપન કરાયો. જે ગણત્રી સમય દરમ્યાન જ ભંડોળ ભરપાઈ થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું.

જ્ઞાતિજનોની તકલીફ પીડા મજબૂરી ભરી અવસ્થાને પોતાની સમજી માનવતા લક્ષી સાથ સહયોગ આપનાર નાના મોટા વ્યક્તિગત દાતાઓ, મહાજન, એકમ, મંડળ, ટ્રસ્ટ અને સંસ્થાઓના ઉદાર અભિગમથી આજ દિવસ સુધીના ૧૭૮ સંજીવની કેસો સુખદરૂપે ઉકેલી શકાયા છે. જે માટે સૌને નત મસ્તક વંદન. શત શત અભિનંદન.

# અચલગચ્છાધિપતિ આ.ભ.મ.સા.ના બંન્ને KNEE ના ઓપરેશન સફળતાપૂર્વક થયા



તા.૨૪ માર્ચ સોમવારના અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા.ના બંન્ને પગના ઘૂંટણ-Knee ના ઓપરેશન ડૉક્ટર દરિયા સિંઘે કુશળતાપૂર્વક અને સફળતાપૂર્વક કરેલ છે. સાથે ડૉ.ધીરેનભાઈ શાહ-રામાણીયા પણ તે સમયે હાજર રહેલ.

પૂજ્ય ગુરૂ દેવની તબિયત સારી છે અને શાતામાં છે. પૂજ્યશ્રીની સાથે મુનિરાજ શ્રી ભદ્રંકરસાગરજી મ.સા. તથા મુનિરાજશ્રી હેમચંદ્રસાગરજી મ.સા. અને બાલમુનિ છે તથા અમદાવાદ સંઘના અધિકારીઓ, કાર્યકરો પણ સાથે જ છે.

બે થી ત્રણ દિવસની સ્થિરતા હોસ્પિટલમાં રહ્યાં બાદ ત્યાર પછી ચંદ્રનગર ઉપાશ્રય ખાતે નવનીત નગર ખાતે સાહેબજી બિરાજીત રહેશે. હોસ્પિટલમાં કોઈપણ દર્શન વંદન કરવા આવવું નહીં. વખતોવખત સૌને વોટસએપથી જાણ કરવામાં આવશે.

એવી જાણકારી શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘ શ્રી અમદાવાદ અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટીશ્રીઓ, અધિકારીઓ, વૈયાવચ્ચ સમિતિના સભ્યો તરફથી અપાઈ છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# સમસ્ત મહાજનની B2B કમિટીના બિઝનેસ વોટસએપ ગ્રુપ ફેસબુકમાં જોડાઈ વ્યાપારનો વ્યાપ વધારો

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના વ્યવસાયિકો આપેલ લિન્ક દ્વારા વોટસએપ ગ્રુપમાં જોડાઈ વ્યાપારનો પ્રસાર વધારો. આ વોટ્સએપ બિઝનેસ ગ્રુપનો ઉદ્દેશ જ્ઞાતિજનોના અરસ પરસ વ્યાપાર વિકસે અને મહતમ ખરીદી/વેચાણને પ્રથમ પસંદગી ફક્ત કેડીઓને મળે એ છે. ચાલો નાનાને પ્રોત્સાહન આપીએ તેને ઉપર લાવીએ. તેના વ્યાપારની પ્રગતિ કરીએ.

વોટસએપ ગ્રુપમાં ૧૦૦૦ જેટલા સભ્યો જોડાયા છે. જ્યારે ફેસબુક ઉપર ૫૫૦૦ જેટલા સભ્યો છે.

## વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો

## ફેસબુકમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો

## શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, મેડિકલ સમિતિ



KDO SANJIVANI

# કેડીઓ સંજીવની

## માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

### સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી એપ્રિલ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૧ થી ૨ એપ્રિલ ૨૦૨૫ | વરાડીયામાં શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ સંચાલિત ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિરોનું ધ્વજારોહણ મહોત્સવ : મુખ્ય લાભાર્થીઃ મા. હીરબાઇ રતનશી પાશવીર ડાઘા હ. નલીનભાઈ |
| તા. ૦૨ એપ્રિલ ૨૦૨૫ | તેરામાં બિરાજમાન મોતા પરીવારના કુળદેવી શ્રી અંબાઈમાના ભુવા શ્રીનું ચયન તથા ૨૫મી સમુહ પહેડીઃ કચ્છ તેરા. |
| તા. ૩ થી તા. ૧૩ એપ્રિલ ૨૦૨૫ | સાંધવ તીર્થઃ સં. ૨૦૮૧ ચૈત્ર માસની આયંબિલ ઓળી. |
| તા. ૬ એપ્રિલ ૨૦૨૫ | શ્રી લોડાયા પરિવાર સચ્ચાઇ માતાજી ભાવિક મંડળ, હૈદરાબાદ : કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજીની સમુહ પહેડી : સવારે ૯.૦૦ ક. થીઃ કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ. |
| તા. ૬ એપિલ થી તા. ૩૧ મે ૨૦૨૫ | ગઢશીશા સ્થિત જીવન સંધ્યા સુખાલયમા સુખોત્સવ ઉજવણી |
| તા. ૯ અને ૧૦ એપ્રિલ ૨૦૨૫ | નલિયા ગામમાં બિરાજમાન ધરમશી કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા પરીવારોની પહેડી તથા શ્રી પુડશા દાદાના ભુવા શ્રી ની ગન્ધી બદલી કાર્યક્રમ |
| તા. ૧૦ થી ૧૨ એપ્રિલ ૨૦૨૫ | લાલપુરમાં શ્રી ભલારા દાદા દેવસ્થાને ધ્વજારોહણ સહિત ચૈત્રી મહોત્સવઃ ચૈત્ર સુદ તેરસ થી પુનમ. |
| તા. ૧૨ એપ્રિલ ૨૦૨૫ | વારાપધરમાં બિરાજમાન શ્રી દાદા ભલારા દેવસ્થાનના ભોઇ મા ના બાના (ગંધી) બદલી પ્રસંગ. ચૈત્રી પુનમ. |
| તા. ૧૨ એપ્રિલ ૨૦૨૫ | શ્રી ભલારા દાદા ભક્તિ મંડળ, હૈદરાબાદઃ શ્રી ભલારા દાદાનો સમુહ પાઠઃ સાંજે ૬.૦૦ ક. : કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ : લાભાર્થીઃ મા. રાજબાઇ પદમશી ખીમજી મોતા પરીવાર હ. ગીરીશભાઇ પરીવાર |
| તા. ૧૭ અને ૧૮ એપ્રિલ ૨૦૨૫ | શ્રી ભલારા દાદા દેવસ્થાનક કચ્છ રવા ગામમાં પુનઃ પ્રતિષ્ઠા બાદ તૃતીય ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૨૧ એપ્રિલ ૨૦૨૫ | વાંકુ ગામમાં બિરાજમાન વાંકુ, સાંયરા તથા જખૌના સોની પરિવારનાં કુળદેવી શ્રી અંબે માતાજીનો વાર્ષિક પાટોત્સવ (ધ્વજા આરોહણ) તેમજ માતાજીનાં ભુવાજીની ગંધી બદલવાનો પાવન પ્રસંગ |
| તા. ૨૭ એપ્રિલ ૨૦૨૫ | શ્રી વારાપધર તીર્થ દેરાસરના જિર્ણોદ્ધાર બાદ પુનઃ પ્રતિષ્ઠા તેમજ વિવિધ પુજન ના ચડાવા : શ્રી મેવાડ કેશરી હોલ, ભાંડુપઃ સવારે ૭.૦૦ ક. થી |
| તા. ૩૦ એપ્રિલ ૨૦૨૫ | શ્રી વિમલનાથજી દેરાસર, બાગલકોટઃ અઢાર અભિષેક સહ ૧૯મો ધ્વજારોહણ મહોત્સવ |


# ભાવભીની શ્રદ્ધાંજલિ




**નરેન્દ્રભાઈ મુનવર**
તા.૨૩ માર્ચ (ઉ.૬૭)
જખૌ-દાવનગીરી



**સનિતાબેન મોતા**
તા.૨૩ માર્ચ (ઉ.૬૭)
વારાપધ્ધર-ડોંબિવલી



**ભુપેન્દ્રભાઈ મૈશેરી**
તા.૨૦ માર્ચ (ઉ.૭૪)
સાંયરા-કોચીન



**શાંતિલાલ ડાઘા**
તા.૨૩ માર્ચ (ઉ.૮૧)
વરાડીયા-મુલુંડ



**રતનબેન ધરમશી**
તા.૨૬ માર્ચ (ઉ.૮૬)
સુથરી-સુરત



**કિશોરભાઈ માલદે**
તા.૨૫ માર્ચ (ઉ.૬૮)
દલતુંગી-જામનગર



**ચંદ્રકાંતભાઈ નાગડા**
તા.૨૮ માર્ચ (ઉ.૬૯)
નલિયા-હુબલી



**દેવકુંવરબેન મોમાયા**
તા.૨૯ માર્ચ (ઉ.૮૪)
ડુમરા-હુબલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● મુંદરા તાલુકાના ધ્રબ અને ભોપાવાંઢ ગામમાં સૂર્યઘર યોજના સોલાર રૂફટોપ યોજના શરૂ કરાઈ. અદાણી ફાઉન્ડેશન અને ગુજરાત સરકારની સબસિડીના સહયોગથી બંન્ને ગામમાં સૌર ઉર્જાથી લગભગ ૨ કરોડથી વધારાની બચત થશે. આ યોજના મારફતે બંન્ને ગામમાં ૭૫૦ થી વધારે ઘરમાં રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવામાં આવશે અને લગભગ ૧૦૦૦ થી વધારે પરિવારને આ યોજના થકી લાભ મળશે અને વર્ષે એક પરિવાર લગભગ ૨૫ હજારથી ૩૦ હજારની બચત કરશે. ૨.૩ કેવીની સોલાર સિસ્ટમ દરેક ઘરમાં લગાડવામાં આવશે. દરેક કનેક્શન દીઠ રૂા.૪૨ હજારની મદદ અદાણી ફાઉન્ડેશન કરશે. ગુજરાત સરકાર રૂા.૬૨૫૨૦ની સબસિડી આપશે. જ્યારે જે તે વ્યક્તિને માત્ર રૂા.૮ હજાર ભરવાના આવશે. આમ આ ગામને ગુજરાતના ત્રીજા નંબરના સંપૂર્ણ સોલાર ગામનું સ્થાન પ્રાપ્ત થશે.

● રાજ્યના પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પ્રતિષ્ઠિત ગણાતો શ્રેષ્ઠ શિક્ષક માટેનો ચિત્રકૂટ એવોર્ડ ભુજની નવનીત નગર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતાં કૃપાબેન રસિકલાલ નાકરને પૂ.મોરારી બાપુના હસ્તે એનાયત કરાયો. પોતાની ૨૭ વર્ષની શૈક્ષણિક કારકિર્દી દરમ્યાન તાલુકા જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ, શ્રેષ્ઠ માતૃભાષા શિક્ષક એવોર્ડ, કલાગુરૂ એવોર્ડ, બ્રહ્મગૌરવ એવોર્ડ, ગુરૂ ગૌરવ એવોર્ડ, બેસ્ટ ઈનોવેટિવ ટીચર સહિતના સન્માન મેળવી ચૂક્યા છે. ચિત્રકૂટ એવોર્ડ ૨૦૦૦ સાલથી પ્રારંભ થયો છે. રાજ્યભરના બે લાખ પ્રાથમિક શિક્ષકોમાંથી શ્રેષ્ઠ શિક્ષકની પસંદગી થાય છે.

● નર્મદા નદીનું પાણી નર્મદા શાળા કેનલ મારફતે ગુજરાતના અનેક ભાગો અને રાજસ્થાન સુધી પહોંચે છે. હવે કચ્છ જિલ્લાના અંતરિયાળ ગામડાના ખેડૂતોને પણ નર્મદા જળનો લાભ મળશે. રાજ્ય સરકાર કચ્છ જિલ્લાના ટપ્પર ડેમથી દૂરના ગામડાના રિઝર્વોઈર સુધી પાઈપલાઈન નાખવાની યોજના અમલમાં મૂકી તેના માટે નાબાર્ડ રૂા.૨૦૦૬ કરોડનું ઋણ મંજૂર કર્યું છે. કચ્છ જિલ્લો દેશનો સૌથી મોટો જિલ્લો છે અને તેના મોટા ભાગના ભાગોમાં અત્યાર સુધી સિંચાઈના પાણીની અછત રહી છે. ટપ્પર ડેમથી જિલ્લાના વિવિધ ગામડાઓ સુધી પાઈપલાઈન નાખવાની આ યોજનાથી ૧૨૭ ગામડાના લગભગ ૨ લાખ લોકો લાભાન્વિત થશે અને ૧.૫૭ લાખ હેક્ટર જમીનને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થશે. વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રથમ તબક્કામાં નાબાર્ડ દ્વારા ૩૨૩૫ કરોડનું ઋણ મંજૂર કર્યું હતું. હવે બીજા તબક્કા હેઠળ રૂા.૨૦૦૬ કરોડનું ઋણ મંજૂર કરવામાં આવ્યું છે.

● માનવ અધિકાર માટે સરકાર પાસે રજૂઆત પહોંચાડનાર બન્ની વિસ્તારના ગોરેવાલીના અગ્રણી અમીરઅલી મુતવાને વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે માનવ પ્રતિભા એવોર્ડથી સન્માનિત કરાયા છે. તેઓ બન્નીના રણમાં પૂર સમસ્યા, બાયપાસ રોડ કે પછી વન વિભાગની હસ્તકના ગોડાઉનમાંથી કપરાકાળમાં માલધારીઓને ઘાસચારો મળવા અંગે સરકાર પાસે કરેલી રજૂઆતની નોંધ લેવામાં આવી હતી.

● ઈન્ડિયન મેટ્રોલોજીકલ વિભાગની ૧૫૦ વર્ષની સમગ્ર ભારતભરમાં ઉજવણી કરાઈ. આ પ્રસંગે છેવાડાના વિસ્તાર એવા અબડાસા તાલુકાના નલિયા ખાતે આવેલી હવામાન કચેરી ખાતે ઉજવણી કરાઈ હતી. નલિયાના ગ્રામજનો અને હવામાન વિભાગના કર્મચારીઓ આમાં સામેલ થયા હતા. નલિયા કચેરીના સાયન્ટિફિક આસિસ્ટન્ટ ગૌરવ કુમારે હવામાન વિભાગ કઈ રીતે કાર્ય કરે છે તે જણાવ્યું હતું. નલિયામાં ગુજરાતનું સૌથી વધારે નીચું તાપમાન નોંધાય છે. જેના કારણો પણ જણાવ્યાં હતાં. છેલ્લા ૨૫ વર્ષમાં સૌથી નીચું તાપમાન નલિયામાં તા. ૮ ફેબ્રુઆરી ૨૦૦૭ના માઈનસ ૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે આ વર્ષે શિયાળામાં ૩.૪ ડિગ્રીની નોંધ થઈ હતી. શિયાળામાં નલિયાનું તાપમાન સિંગલ ડિજિટમાં તાપમાન નોંધાય છે.


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA